૧૭, ઓક્ટોબર ૨૦૨૨




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા MSME રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે "Zed Certification Scheme તથા MSME Scheme અંતર્ગત સરકારના મળવાપાત્ર લાભો" અંગે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરાયેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા MSME ડિપાર્ટમેન્ટનાં સંયુકત ઉપક્રમે Zed Certification Scheme **તથા** MSME Scheme અંતર્ગત સરકાર દ્વારા મળવાપાત્ર લાભો તથા આવેલ નવા સુધારાઓનું માર્ગદર્શન આપવા અંગે તા.૧૪–૧૦–૨૦૨૨, શુક્રવારના રોજ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં MSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલ, QCI Approved, Faculty & Trainer-Zed અમદાવાદના શ્રી આશિષ પટેલ તથા રાજકોટ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માંથી કું. ખિલના મહેતા ઉપસ્થિત રહેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ રાજકોટ ચેમ્બર તથા MSME ડિપાર્ટમેન્ટના સયંકત ઉપક્રમે યોજવામાં આવેલ સેમીનારમાં સૌને આવકારેલ. કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા ઉદ્યોગોના વિકાસને ધ્યાનમાં રાખી તેઓ માટે ઘણી પ્રોત્સાહીત સ્કિમો જાહેર કરેલ છે. ત્યારે MSME ઉદ્યોગકારોને સરકાર તરફથી મળવાપાત્ર થતા વિવિધ લાભો તથા સબસીડીની જાણકારી મળી રહે તે માટે આ સેમીનાર યોજવામાં આવેલ છે.

ત્યાર બાદ MSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલએ સેમીનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરતા જણાવેલ કે કેન્દ્ર સરકારના MSME ડિપાર્ટમેન્ટ દ્વારા ઘણાં ફાયદાઓ મળવપાત્ર થાય છે. જેમાં તેઓ પાસે ઉદ્યમ રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે. જે અંતર્ગત Zero Defect Zorp Effect, Zed Certification Scheme માં નવા ફેરફાર કરી લોન્ચ કરાયેલ છે. Zed Certification Scheme ની આગમી સમયમાં ખુબ જ જરૂર પડશે. તેથી આ સ્કિમનો ખાસ લાભ લેવા તથા કોઈપણ સમસ્યા કે મુશ્કેલી પડે તો ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

ત્યારબાદ QCI Approved, Faculty & Trainer-Zed અમદાવાદના શ્રી આશિષ પટેલ દ્વારા Zed Certification Scheme અંતર્ગત પર્યાવરણના રક્ષણ માટે ઉદ્યોગસાહસિકોને પ્રેરીત કરવાના ઉદ્દેશ સાથે ભારતના સુક્ષ્મ, લધુ અને મધ્યમ ઉદ્યોગો વૈશ્વીક બજારમાં ટકી શકે તે માટે ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યારે આ સ્કીમને ૩ કેટેગરીમાં રાખેલ છે. (બ્રોન્ઝ, સિલ્વર, ગોલ્ડ) તેમજ ૨૦ જેટલા પેરામીટર્સ છે. તેમાંથી અમુક પેરામીટર્સમાંથી મુકિત અપાયેલ છે. આ સર્ટીફીકેશન સ્કીમનું રજીસ્ટ્રેશન ફ્રી છે. આ સ્કિમમાં Vision, Eligibility and Phase, Features of Zed Scheme, Process & Perameters, Benefits & Incentives for MSMEs, How to Apply, Understanding Document Upload, જેવા વિવિધ મુદ્દાઓની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાં આવેલ.

ત્યાર બાદ રાજકોટ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માંથી ઉપસ્થિત કું. ખિલના મહેતા દ્વારા રાજય સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહીત કરતી "આત્મનિર્ભર ગુજરાત સ્કિમ–૨૦૨૨ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ" અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા જાણકારી આપેલ.

ત્યાર બાદ MSME-DFO, રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર શ્રીમતી સ્વાતી અગ્રવાલએ કેન્દ્ર સરકાર દ્વારા MSME સ્કિમના લાભો તથા મળવાપાત્ર સબસીડી વિગેરેની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ અને ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર આપી નિરાકરણ લાવેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ તથા ઉદ્યોગકારોનો સેમીનારમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરી સમગ્ર સેમીનારનું સંચાલન કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.